## ઉમેદપુરા હાઇસ્કૂલના શિક્ષકની દિકરીએ કલા મહાકુંભમાં રાજ્યમાં પ્રથમ નંબર મેળવી ગૌરવ વધાર્યું



નેત્રામલી: ઈડરની આદેશ વિધાલય ધોરણ ૧૦ માં અભ્યાસ કરતી વિધાર્થી પટેલ શ્રેયાએ કલા મહાકુંભ ૨૦૨૧-૨૨ રાજ્યકક્ષાની સ્પર્ધા હમણાં ભાવનગર મુકામે યોજાઇ. જેમાં એક પાત્રીય અભિનયની સ્પર્ધામાં સમગ્ર રાજ્યમાં શ્રેયાએ પ્રથમ નંબર મેળવ્યો છે. એક ગજબ અને અકલ્પનીય સિદ્ધિ આ વખતે શ્રેયાએ મેળવી. કલા મહાકુંભમાં શ્રેયા આ ત્રીજી વખત રાજ્ય કક્ષાએ ગઈ છે. રાજ્યમાં આ ત્રીજા પ્રયત્ને પ્રથમ નંબર લાવવાનું શ્રેયાનું સ્વપ્ર પૂર્ણ થયું. કરોળિયો જેમ હજાર વખત પડે છે અને છતાંયે થાક્યા વગર ફરીથી પાછો પોતાનું જાળું બનાવવામાં કામે લાગી જાય છે, તેમ બે પ્રયત્નોમાં છેક રાજ્ય સુધી પહોંચીને છતાં પણ પ્રથમ લાવવાનું સપનું પૂર્ણ નહોતું થયું. પણ આજે અથાક પરિશ્રમ થકી એ સ્વપ્ર પૂર્ણ થયું. એક સારા નાટ્યકાર મહેન્દ્રભાઈ પ્રજાપતિનો પણ ખુબ ખુબ આભાર કે જેમણે શ્રેયાને આ મુકામ પર પહોંચાડવા માટે યોગ્ય માર્ગદર્શન આપ્યું. શ્રેયાએ ફરીથી ઈડર તાલુકો અને સાબરકાંઠા જિલ્લાનું ગૌરવ વધારેલ છે.

## બનાસકાંઠા જિલ્લાના વડગામના મુક્તેશ્વર ડેમમાં માછલીઓના મોત

વડગામના મુક્તેશ્વર ડેમમાં છેલ્લા પાંચ વર્ષથી વરસાદ નહિવત હોવાથી માત્ર ૬ ટકા પાણી છે ત્યારે ડેમ માંથી છોડવામાં આવતા પાણીના દરવાજાની બહારના ભાગમાં સોશાયેલા પાણીથી ભરેલું પાણી રહે છે. જે પાણીમાં માછલીઓના મોત થયા છે. મુક્તેશ્વર ડેમના રાકેશભાઈ ચૌધરી જણાવ્યું હતું કે " ડેમના દરવાજાના બહારના ભાગમાં ભરેલા પાણીમાં આશરે ૪૦-૫૦ માછલીઓના મોત થયા છે. અને આ પાણી છેલ્લા પાંચ વર્ષથી ભરેલું છે અને ઉપરવાસમાં વરસાદ ન હોવાથી આ પાણી પાંચ વર્ષથી બદલાયું નથી. બે દિવસ અગાઉ પડેલા વરસાદનું પાણી, આ ભરેલું પાણી અને ગરમીના લીધે અથવા તો કોઈ બીજા કારણને લીધે આં માછલીઓના મોત થયા હોય શકે.

## મોડાસા : દેવરાજ ધામ નજીક વિચિત્ર અકસ્માત....



મોડાસા શહેરના દેવરાજ ધામ નજીક બાયપાસ રોડ પર એક વિચિત્ર અકસ્માત સર્જાયો હતો જેમાં રોડ પરથી પસાર થતી છકડો રીક્ષાને પાછળથી અજાણયા વાહને ધડાકાભેર ટક્કર મારતા રીક્ષા દેવરાજ ધામ નજીક અકસ્માત નિવારવા બનાવેલ સર્કલ સાથે ધડાકાભેર ભટકતા એક વ્યક્તિના માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી રીક્ષાના પાછળના ભાગનો કડૂચાલો વળી ગયો હતો અકસ્માતની ઘટનાને પગલે લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા ઈજાગ્રસ્ત યુવકને તાબડતોડ સારવાર અર્થે ખસેડાયો હતો.

## સાબરકાંઠા-અરવલ્લીમાં કોમ્પ્યુટરે દેશીનામાં લખનારાઓની રોજી છીનવી

**જિલ્લામાં દેશી નામું લખનાર ૫૦૦૦ લોકો બેકાર બન્યા**

સાબરકાંઠા-અરવલ્લીમાં આધુનિક શોધ ગણાતુ કોમ્પ્યુટર કેટલાક લોકો માટે રોજગારીનું સાધન બની રહ્યું છે બીજી તરફ કોમ્પ્યુટરના વધતા ઉપયોગથી દેશીનામુ લખનારાઓની રોજી પર તરાપ લાગી છે. ધંધા-રોજગારના તમામ સ્થળોએ મુનિમોના સ્થાને કોમ્પ્યુટર આવી જતાં દેશીનામાં લખનારાઓની જાહોજલાલી ખતમ થવાની તૈયારીમાં હોય તેમ જિલ્લામાં કોમ્પ્યુટરના વધતા ઉપયોગથી ૫૦૦૦ જેટલા દેશીનામાં લખનારાઓની રોજગારી છીનવાયાનું બહાર આવ્યું છે. જિલ્લામાં ધંધા-રોજગારના દૈનિક ખરીદ વેચાણ, નફા નુક્સાનના દરેક હીસાબો માટે અગાઉ દેશીનામુ લખનારાઓની ભારે બોલબાલા જોવા મળતી હતી. જિલ્લાના અનેક પરિવારો માત્ર દેશીનામુ લખવાના કામ પર નભતાં હતાં. જ્યારે સમાજમાં પણ દેશીનામુ લખનારા મુનિમો ઈજ્જતથી જીવન જીવી શકતા હતા પરંતુ છેલ્લા કેટલાક સમયથી જિલ્લાના તમામ નાના-મોટા ધંધા-રોજગારના સ્થળો પર કોમ્પ્યુટરનું ચલણ વધ્યું છે. જેથી દેશીનામુ લખનારાઓની રોજગારી છીનવાતી જાય છે. દેશીનામુ લખનાર કરતાંય કોમ્પ્યુટર ગણતરીની મીનીટોમાં હીસાબો મેળવી આપતું હોય છે અને કોમ્પ્યુટરને દર મહિને પગાર પણ ચૂકવવો પડતો ન હોવાથી આજે દેશીનામાં લખનારાઓની ઘોર ઉપેક્ષા કરવામાં આવી રહી છે. જિલ્લામાં ધંધા-રોજગારના સ્થળો પર કોમ્પ્યુટરનું ચલણ વધતાં દેશી નામુ લખનારાઓએ નોકરી ગુમાવી પડે તેવી સ્થિતિ ઉભી થઈ છે. એક અંદાજ મુજબ ધંધા-રોજગારના હીસાબ કિતાબમાં કોમ્પ્યુટરનો ઉપયોગ શરૂ થતાં જિલ્લામાંથી ૫૦૦૦ જેટલા દેશીનામુ લખનારાઓએ રોજગારી ગુમાવ્યાનું બહાર આવ્યું છે. વેપારી પેઢીઓમાં પણ મુનિમના બદલે કોમ્પ્યુટરો મૂકાઈ જતાં અનેક મુનિમો બેકાર બની રહ્યા છે.

## પ્રાંતિજના દલપુર ગામની સીમમાંથી કેબલ વાયર ચોરાતા પોલીસ ફરિયાદ થઈ

પ્રાંતિજ તા.૧૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના દલપુર ગામની સીમમા આવેલ ટાવર પાસેનો વાયર કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી લઈ જતા પોલીસ ફરીયાદ થઈ. પ્રાંતિજ ના દલપુર ગામની સીમ મા આવેલ ઈન્ડશ આઈડી એટેરેલ ટાવર પાસે રહેલ કેબલ વાયર ૭૦ એમ.એમ નો ૩ મીટર જેની એક મીટર વાયર ની કિંમત-૫૯૨ લેખે ત્રણ મીટર વાયર ની કિંમત-૧૭૭૬ કે કેબલ વાયર કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી લઈ જતા આ અંગેની પોલીસ ફરિયાદ ધનજય શૈલેષભાઇ સથવારા ઉ.વર્ષ-૨૪ ધંધો નોકરી રહે હડિયા છાપરીયા વિનાયક નગર હિંમતનગર દ્વારા ફરીયાદ કરતા પ્રાંતિજ પોલીસે આઈપીસીકલમ-૩૭૯ મુજબ અજાણ્યા ચોર ઈસમ વિરૂધ્ધ ગુનોનોધી આગળ ની તપાસ હાથ ધરી હતી.

**જન્મદિને વધામણી**



દીપ વિપુલભાઈ દરજી
ઇડર (બાયડ)

# અરવલ્લીના કચ્છી યુવાનને વડાપ્રધાનના સન્માનનો અનોખો અવસર મળ્યો

## પોતાની જાતને ધન્ય ગણાવી

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૭

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી તાજેતરમાં મહારાષ્ટ્રના પુણેના દેહુમાં આવેલા ૧૭મી સદીના મહાન સંત જગદગુરૂ શ્રી સંત તૂકારામ મહારાજના મંદિરની મુલાકાત લઈ શિલા મંદિરનું ઉદ્ઘાટન કરાવ્યું હતું. તે સમયે અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના ધરમેડાકંપાના વતની અને પુણેમાં સ્થાયી થયેલા કચ્છી યુવાન રીતેષ પટેલને વડાપ્રધાન મોદીનું સ્વાગત કરવાની સોનેરી તક મળી. વડાપ્રધાનના વ્યક્તિત્વથી કચ્છી યુવાન પ્રભાવિત થયો અને જણાવ્યું કે ગુજરાતનું ગૌરવ એવા મોદીજીને રૂબરૂ મળવું અને સ્વાગત કરવું એ મારા જીવનની યાદગાર અને રોમાંચક ક્ષણ હતી. આ ક્ષણ મને જીવનભર શક્તિ અને પ્રોત્સાહન આપશે જેથી હું મારા જીવનમાં વધારે સકારાત્મક કામ કરીશ અને આ મહાન નેતાના કદમ થી કદમ મિલાવી આગળ વધીશું.



# સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના પાણી-પૂરી રસીયાઓ ચેતજો

## પાણી-પૂરીના પાણીમાં વપરાતો ખતરનાક ઓક્ઝિલિક એસિડ

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૭

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં પાણી-પૂરી ખાનારાઓની સંખ્યા વધવા લાગી છે. આપ પાણી-પૂરી ખાતા હોવ તો જરા ચેતજો..કારણ કે સાબરકાંઠા જિલ્લામાં પણ પાણી-પૂરીના પાણીમાં ખતરનાક ઓક્ઝિલિક એસિડ વાપરવામાં આવતુ હોવાનું જાણવા મળેલ છે. અને તેનાથી એસીડીટી ઉપરાંત પથરી તેમજ કીડનીના રોગો ઉદ્ભવતા હોવાનું જાણવા મળેલ છે. પાણી-પૂરીવાળા મોંઘી ખાટી આંબલીના બદલે સસ્તા ઓક્ઝિલિક એસિડનો ઉપયોગ કરી પાણી-પૂરી ખાતા રસિયાઓના આરોગ્ય સાથે મોટો ધોકો કરી રહ્યાનું જાણવા મળેલ છે.



પ્રાપ્ત જાણકારી મુજબ સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર, મોડાસા, પ્રાંતિજ, તલોદ, ઈડર, વડાલી, ભિલોડા, ખેડબ્રહ્મા, વિજયનગર, માલપુર, મેઘરજ, ધનસુરા અને બાયડમાં સમી સાંજથી રાત્રિના ૮-૦૦ કલાક સુધી મોટા ભાગની પાણી-પૂરીની લારીઓ ઉપર પાણી-પૂરી ખાનારાઓની મોટી કતાર ઉભરાતી જોવા મળી રહી છે. કેટલાક શહેરી વિસ્તારોમાં ફલાણાની જ પાણી-પૂરી ખવાય તેવો એક ગજબનો સ્વાદ તેઓએ પાણી-પૂરીના રસિયાઓના જીભે ચટકાવી દીધો છે. ત્યારે હવે અત્યાર સુધી પાણી-પૂરી ખાનારાઓને પાણી-પૂરી ખાધાના બીજા દિવસથી શરીરમાં બળતરા રૂપ એસીડીટી થઈ હોય કે પછી વારંવાર પાણી-પૂરી આરોગવાથી પથરી અને કીડનીના રોગોના શિકાર બન્યા હોય તો માની લેજો કે પાણી-પૂરીના પાણીમાં તમને પાણી-પૂરી ખવડાવતો લારીનો માલિક પાણી-પૂરી સાથે ખતરનાક ઓક્ઝિલિક એસિડ ખવડાવી રહ્યો છે. જિલ્લામાં ૨૫૦ થી પણ વધુ પાણી-પૂરીની લારીઓ દ્વારા દૈનિક પોણા બે લાખથી પણ વધુનો પાણી-પૂરીવાળા ધંધો કરી રહ્યા છે. અને પાણી-પૂરીનું પાણી જેટલુ તમતમતુ અને ચટાકેદાર હોય તેટલી પાણી-પૂરી વધુ વખણાય અને વેચાતી હોય છે. ત્યારે સાબરકાંઠાના કેટલાક શહેરી વિસ્તારોમાં પાણી-પૂરીવાળા પોતાનું આગવું નામ ઉભુ કરી શક્યા છે. પરંતુ તેમની ભીતરમાં ડોકીયું કરવામાં આવે તો પાણી-પૂરીના પાણીમાં મોંઘી આંબલીથી ખટાશ ઉભી કરી પાણી-પૂરીનું પાણી તમતમતુ અને ચટાકેદાર બનાવાનું હોય છે. પરંતુ તેના બદલે સસ્તુ ઓક્ઝિલિક એસિડ વાપરી પાણીને તમતમતુ બનાવી દેવામાં આવે છે. અને તે માનવ આરોગ્ય માટે હાનિકારક હોય છે અને ઓક્ઝિલિક એસિડથી ભરપૂર પાણીવાળી પાણી-પૂરી ખાવામાં આવે તો તે ભવિષ્યમાં અલ્સર પણ નોંતરતું હોય છે. ટૂંકમાં આવી પાણી-પૂરી માનવ જીવન માટે સૂક્ષ્મ આત્મઘાત જેવી બની રહેવાના સ્પષ્ટ સંકેતો સાંપડી રહ્યા છે. જ્યારે પાણી-પૂરી આરોગ્યા બાદ કેટલાક રસિયાઓ ડીસમાં રહેલુ પાણી પણ ઘૂંટડા ભરી ટેંસથી પીવે છે અને ધરાઈ ગયાની તૃપ્તિનો ઓડકાર ખાતા હોય છે અને તેઓ માનતા હોય છે કે આ પાણી પીવાથી કબજીયાત દૂર થઈ ગઈ છે. પરંતુ વાસ્તવમાં શરીર રોગનું મૂળ બનવા તરફનું આ પ્રથમ પગથિયું હોવાનું કેટલાક જાણકારોએ જણાવ્યું છે. ખાસ કરીને મહિલાઓ અને યુવતીઓ વધુ પ્રમાણમાં પાણી-પૂરી આરોગતી હોઈ તેઓએ ઓક્ઝિલિક એસિડવાળી પાણી-પૂરીથી ચેતવા જેવું ખરૂં.

## નરેશ પટેલને રમવું તો છે પણ....ગાંધીનગર નહિ પણ હાલમાં કાગવડ ની પીચ ઉપર...

**થર્ડ અમ્પાયરની દ્રષ્ટિએ....???**

બાયડ તા.૧૭

નરેશ પટેલ નામનું ચક્રવાત છેલ્લા ૬ મહિનાથી ગુજરાતના રાજકારણમાં ચગડોળે ચડ્યું હતું, લાંબા સમયથી પાટીદાર સમાજના અગ્રણી નરેશ પટેલનું રાજકારણમાં જોડાવુ ચર્ચામાં હતુ પણ ક્યા પક્ષમાં જોડાશે તે વિષયને લઈને રોજે રોજ તર્ક વિતર્ક ચાલ્યા કરતા.... ગઈકાલે જ આ વાતનો ચોંકાવનારો ખુલાસો નરેશ પટેલે આપી દીધો.... "મારે સમાજની સેવા અવિરત ચાલુ રાખવી છે....હું પ્રત્યેક સમાજમાં સેવા આપતો રહીશ પણ હાલમાં રાજકારણમાં જોડાવાનો નથી...!!" નરેશ પટેલનો આ નિર્ણય હાલ પુરતો મને તો ઉચિત લાગ્યો... આમેય નરેશ પટેલ રાજકારણમાં જોડાય અને તેમાં જે લોકપ્રિયતા મળે તેનાથી ક્યાંય વધુ માન સન્નમાન નરેશભાઈને પાટીદાર સમાજ આપી રહ્યો છે... માત્ર લેઉવા પાટીદાર જ નહીં નરેશ પટેલનું કડવા પાટીદારમાં પણ ખૂબ માન છે જ!! રાજકારણમાં જઈને પોતાના સફેદ ઝભ્ભાને શા માટે ઝાંખો કરવો?? રાજકીય નેતા કરતા પણ તેઓ મોટા સામાજિક નેતા તો છે જ!! પાટીદારોની કાગવડની સપાટ અને સ્વચ્છ પીચ ઉપર બેટિંગ કરવાની મજા અને આનંદ છે તે આનંદ ગાંધીનગરની લીલીછમ પીચ કે જ્યાં દડો વારંવાર બાઉન્સ થઈને કપાળ ઉપર આવતો હોય ત્યાં બેટિંગ કરવામાં ક્યાંથી આવે?? ભાઈ હાર્દિક સમાજની પીચ ઉપર નાની ઉંમરે લોકપ્રિય ખેલાડી બની ચુક્યો હતો પણ રાજકીય પીચ ઉપર ગયો ત્યાં વારંવાર બીટ થયો, ઈનજર્ડ થયો તે નરેશભાઈ જેવા પરિપક્વ નેતાને ક્યાં ખબર નથી??? ટૂંકમાં તેમનો નિર્ણય ઉમદા કહી શકાય.. આમેય નરેશભાઈએ એવું નિવેદન આપ્યું છે કે હાલમાં રાજકારણમાં નથી જોડાવાનો... ભવિષ્યની ભવિષ્યને ખબર...આવું નિવેદન તેમની પરિપકતા બતાવી જાય છે... નરેશભાઈએ સાથે બે શબ્દો સૂચક પણ કહ્યા... હું પાટીદાર સમાજ જ નહીં પણ પ્રત્યેક સમાજ માટે સેવાકીય કામ કરતો રહીશ... જોડે જોડે રાજકીય નિવેદન પણ ટ્વિસ્ટ કરી દીધું... મને લાગે છે કે નરેશભાઈને જે લોકપ્રિયતા પટેલ સમાજમાંથી મળી રહી છે તેવી જ લોકપ્રિયતા માટે તેઓ અન્ય સમાજ માટે પણ આગામી ૫ વર્ષ કાર્યો કરીને પછી વધુ મજબૂત થઈને ગુજરાતના રાજકારણમાં એન્ટ્રી કરશે... , તેમનો નિર્ણય સમજણપૂર્વકનો છે... નરેશભાઈ જ્યારે પણ રાજકારણમાં એન્ટ્રી કરશે ત્યારે સર્વ સમાજને વિશ્વાસમાં લઈને ધમાકેદાર એન્ટ્રી કરશે તેના બીજ ગઈકાલે જ તેમના નિવેદન સાથે રોપાઈ ગયા છે... નરેશભાઈ આજે પાટીદાર સમાજના લોકપ્રિય નેતા છે જે ૫ વર્ષની અંદર પ્રત્યેક સમાજમાં લોકપ્રિય નેતા થવાના એંધાણ હું જોઈ રહ્યો છું... આજે સમસ્ત ગુજરાતી ચેનલ અને મીડિયાની અકળામણ તેમના એક નિવેદન માત્રથી દૂર થઈ ગઈ...

## સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં પેસેન્જર જીપોની ડીઝલ ટેન્કમાં ડીઝલના બદલે કેરોસીન..!!

**ડીઝલ-કેરોસીનના મિશ્ર ઈંધણથી ચાલતાં વાહનોએ પ્રદૂષણ વધાર્યું**

હિંમતનગર, તા.૧૭

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ માત્ર કાગળ પર ચાલતુ હોય તેવી સ્થિતિ વચ્ચે હવે ખાનગી વાહનો પણ કેરોસીનથી દોડવા લાગતાં પ્રદૂષણમાં અનેક ગણો વધારો નોંધાયો છે. બીજી તરફ ડીઝલના ભાવ ઘટ્યા પછી પણ અનેક પેસેન્જર જીપો ડીઝલ-કેરોસીનના મિશ્ર ઈંધણથી દોડી રહી છે. પરંતુ પુરવઠા તંત્ર કે પોલીસને ખાનગી જીપોની ડીઝલ ટેન્ક ચકાસવાનો સમય ન હોવાથી અસંખ્ય વાહનો ડીઝલ-કેરોસીનના મિશ્ર ઈંધણથી દોડી રહ્યાં છે. છેલ્લા કેટલાય સમયથી જિલ્લામાં પ્રદૂષણ આંકતા એકમો સામે પ્રદૂષણ નિયંત્રણ બોર્ડે જોઈએ તેવાં પગલાં આજદિન સુધી ભર્યાં નથી. જેને પરિણામે એકમો દ્વારા હવામાં ફેંકાતા પ્રદૂષણના રજકણોથી પ્રજાને ખુલ્લી હવામાં શ્વાસ લેવામાં પણ મુશ્કેલીઓ પડી રહી છે. જ્યારે જિલ્લામાં પ્રદૂષણને વધારવામાં ખાનગી વાહનો પણ ગણે અંશે જવાબદાર બની રહ્યાં છે. જિલ્લામાં પેસેન્જરમાં ફરતી જીપો મોટે ભાગે કેરોસીન અને ડીઝલના મિશ્ર ઈંધણથી દોડાવાય છે. જેને પરિણામે ડીઝલ-કેરોસીનના ઈંધણથી પેસેન્જર જીપો હવામાં ધુમાડાના ગોટે ટોટા ફેલાવી વાતાવરણને પ્રદૂષિત કરી મૂકે છે. છેલ્લા કેટલાય સમયથી ખાનગી જીપોની ડીઝલ ટેન્કમાં ડીઝલની સાથે અડધો અડધ કેરોસીન ભરી જીપ માલિકો પ્રજાને પ્રદૂષણની ભેટ આપી રહ્યા છે તેમ છતાં જિલ્લા પુરવઠા તંત્ર કે પોલીસ દ્વારા કેરોસીનમાં દોડતાં વાહનો સામે કોઈ જ પગલાં ભરાતાં ન હોવાથી કેટલાક વિસ્તારોમાં તો સસ્તા અનાજની દુકાનોમાંથી કાર્ડ ધારકોનું કેરોસીનનો બારોબાર કાળો બજાર થતો હોવાની પણ અનેક ફરિયાદો ઉઠવા પામી છે ત્યારે તંત્ર દ્વારા ડીઝલ-કેરોસીનના મિશ્ર ઈંધણથી ચાલતાં વાહનો સામે કડકાઈ દાખવાય તે જરૂરી બન્યું છે.

## ભિલોડા ગ્રામ પંચાયત કચેરીમાં ગ્રામ સભા યોજાઈ : જાગૃત નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા





ભિલોડા,તા.૧૭

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે કાર્યરત નગરપાલિકા સમકક્ષની ભિલોડા ગ્રામ પંચાયત કચેરીના સભા ખંડમાં ભિલોડા તાલુકા વિકાસ અધિકારી જે.એમ.ઠાકોરના અધ્યક્ષ સ્થાને ગ્રામ સભા યોજાઈ હતી. ગ્રામ સભામાં સરપંચ મુકેશભાઈ ત્રિવેદી,તલાટી કમ મંત્રી કૃપાબેન પટેલ,હેડ ક્લાર્ક ભુપેશભાઈ રાઠોડ સહિત ગ્રામ પંચાયતના સભ્યો હાજર રહ્યા હતા. જાગૃત નાગરિકોએ અનેક પ્રાણ પ્રશ્નો સંદર્ભે હલ્લાબોલ મચાવ્યો હતો.જાગૃત નાગરિકો ધ્વારા ચર્ચાયેલા પ્રાણ પ્રશ્નો જેવા કે, જરૂરિયાત વાળા લાભાર્થીઓને છેલ્લા ઘણા વર્ષોથી પ્લોટ મળતા નથી ? અમુક લાભાર્થીઓએ મફતીયા પ્લોટો લાખ્ખો રૂપિયા મેળવી વેચી માર્યા હોવાની ચર્ચા અને રજુઆત કરાઈ હતી. ભ્રષ્ટાચાર સંદર્ભે રજુઆત કરાઈ હતી.ભિલોડા ગ્રામ પંચાયત વિસ્તારમાં કોન્ટ્રાકટર ધ્વારા તાજેતરમાં બનાવવામાં આવેલ આર.સી.સી રસ્તો ગેરરીતી આચરી ભ્રષ્ટાચાર આચાર્યો હોવાની રજુઆત કરાઈ હતી.બિલાડીના ટોપની માફક કોઈ પણ રોક - ટોક વગર દિન - પ્રતિ - દિન વધતા દબાણો સંદર્ભે રજુઆત કરાઈ હતી. ગેરકાયદેસરના દબાણો અને બાંધકામ હટાવવા સંદર્ભે ધારદાર રજુઆત કરાઈ હતી.પીવાનું પાણી પુરતા ફોર્સથી આવતું નથી તે સંદર્ભે ન્યાયિક રજુઆત કરાઈ હતી.ભિલોડા હાથમતી નદી કિનારે આવેલ ખખડધજ સ્મશાનનું સમારકામ સત્વરે હાથ ધરવા ન્યાયિક રજુઆત કરાઈ હતી.

## ભિલોડા ગેંગ રેપમાં ઘટસ્ફોટ : સગીરાએ ૩ યુવકો સામે નોંધાવેલી ગેંગરેપની ફરિયાદ ખોટી, સગીરાએ ખોટી ફરિયાદ નોંધાવતા તર્ક વિતર્ક

મોડાસા, તા. ૧૭

ભિલોડાના ગ્રામ્ય વિસ્તારની કોમ્પ્યુટર ક્લાસ કરતી સગીરા પર ત્રણ યુવકોએ રિક્ષામાં બેસાડી જસવંતપુરા ગામના ગૌચર અને જંગલમાં ખેંચી જઈ ગેંગ રેપ કર્યા પછી ત્રણે યુવકોએ જાન થી મારી નાખવાની ધમકી આપી અવાર નવાર દુષ્કર્મ આચર્યું હોવાની ફરિયાદ સગીરાની માતાએ નામજોગ નોંધાવતા ભિલોડા પોલીસ સહીત જીલ્લાની ૫ ટિમોએ ગણતરીના કલાકોમાં ત્રણે યુવકોની સઘન પૂછપરછ હાથધરી હતી સગીરાનું મેડિકલ ચેકઅપ કરાવતા કોઈ અઘટિત ઘટનાનો ભોગ સગીરા ન બની હોવાનું બહાર આવતા પોલીસે સગીરાની પૂછપરછ કરતા સગીરાએ પણ તેની સાથે ગેંગ રેપ થયો ન હોવાનું જણાવતા પોલીસે હાશકારો અનુભવવાની સાથે પોલીસતંત્ર માટે અસમંજસ ભરી સ્થિતિ પેદા થઇ છે પ્રાપ્ત માહિતી અનુસાર, ભિલોડાની સગીરાએ ત્રણે યુવકો સામે ગેંગરેપ તેના કૌટુંબિક પરિવારની દીકરીએ પ્રેમલગ્ન કરી લેતા તેના કાકાના કહેવાથી પ્રેમી યુવક અને તેની સાથે રહેતા બે મિત્રો સામે ગેંગરેપની ખોટી ફરિયાદ નોંધાવી હોવાનું જણાવ્યું છે ભિલોડા સહીત જીલ્લા પોલીસતંત્રની સતર્કતા અને સઘન પૂછપરછને પગલે ત્રણ નિર્દોષ યુવકો ગંભીર ગુન્હાના આરોપ માંથી છુટકારો થયો હતો . ભિલોડા ગ્રામ્ય વિસ્તારની સગીરાએ તેને ત્રણ શખ્સો રિક્ષામાં ઉઠાવી જઈ જસવંતપુરા ગામના ગૌચર અને જંગલમાં ખેંચી જઈ ગેંગ રેપ કર્યો હોવાની ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો જેમાં સગીરા પર થયેલ ગેંગરેપ સ્થળ નિરીક્ષણ કરવાની સાથે સગીરા અને તેના પરિવાજનોની શંકાસ્પદ વર્તણુક અને મેડિકલ પરીક્ષણમાં દુષ્કર્મ થયું ન હોવાનું બહાર આવતા પોલીસે સગીરાની સઘન પુછપરછ કરતા સગીરા પડી ભાગી હતી અને તેની સાથે આવી કોઈ ઘટના ઘટી ન હોવાનું જણાવતા પોલીસ ચોંકી ઉઠી હતી અને સગીરાનું કોર્ટ સમક્ષ નિવેદન નોંધી ફરિયાદની બી સમરી ભરી હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી . ભિલોડા પંથકના ગ્રામ્ય વિસ્તારની સગીરા પર ગેંગ રેપની ઘટના બનતા સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી હતી ગેંગ રેપની ઘટનાની ગંભીરતાના પગલે SP સંજય ખરાતના માર્ગદર્શન હેઠળ ભિલોડા પોલીસની બે ટિમ , એલસીબી,એસઓજી અને પેરોલ ફર્લોની ટિમ અને DYSP ભરત બસિયાએ સ્થળની ઝીણવટભરી તપાસ હાથધરી હતી દૂધનું દૂધ અને પાણી નું પાણી કરી નાખ્યું હતું ખોટી ફરિયાદ નોંધાવનાર સગીરા અને તેના પરિવારજનો સામે ભિલોડા પંથકના લોકોએ ફિટકાર વરસાવી હતી

